‘મારો માળો ક્યાં ગયો?’

કોમેડી વાઈલ્ડલાઈફ એવોર્ડની વિજેતા તસવીરોએ જમાવી રમૂજ

પ્રકૃતિ માત્ર સુંદર જ નથી, ક્યારેક અત્યંત રમુજી પણ હોય છે! આ વાત સાબિત કરી છે આ વર્ષના ‘નિકોન કોમેડી વાઈલ્ડલાઈફ એવોર્ડ્સ’ (2026)ના વિજેતાઓએ. જંગલી પ્રાણીઓની કુદરતી પણ હાસ્યસ્પદ પળોને કેમેરામાં કેદ કરતી આ સ્પર્ધામાં એલિસન ટકની તસવીર ‘નાઉ, વેર ઇઝ માય નેસ્ટ?’ (મારો માળો ક્યાં ગયો?)એ પીપલ્સ ચોઇસ એવોર્ડ જીતી લીધો છે.

વિજેતા તસવીરઃ યોર્કશાયરના બેમ્પ્ટન ક્લિફ્સ પર લેવાયેલી આ તસવીરમાં પક્ષી પોતાના માળા માટે ઘાસ ભેગું કરી રહ્યું છે, પણ ભારે પવનને કારણે આખું ઘાસ તેના ચહેરા પર આવી જાય છે અને તે ક્ષણભર માટે ‘અંધ’ બની જાય છે.

પીકા-બૂ હાથીઃ શ્રીલંકાના એક હાથીએ પોતાના મોટા કાનથી આંખો ઢાંકીને સંતાકૂકડી રમતા હોય તેવી તસવીર પણ આકર્ષણનું કેન્દ્ર બની છે.

ગપસપ કરતા લેમરઃ માડાગાસ્કારમાં બે લેમર ખડક પર બેસીને જાણે કોઈ ગંભીર પંચાત કરતા હોય તેમ દેખાય છે.

માર્ચ કરતો ગોરિલાઃ રુવાન્ડામાં એક ગોરિલા જાણે લશ્કરી પરેડ કરી રહ્યો હોય તેમ એકદમ શિસ્તબદ્ધ રીતે ચાલતો ઝડપાયો છે. આ સ્પર્ધા માત્ર હાસ્ય પૂરતી સીમિત નથી. તેના સ્થાપક પોલ જોયન્સન-હિક્સ અને ટોમ સુલામના જણાવ્યા મુજબ, આ વર્ષે નફાના 10 ટકા હિસ્સો ‘બોર્ન ફ્રી ફાઉન્ડેશન’ ને દાન કરવામાં આવશે, જે લુપ્ત થતી પ્રજાતિઓ અને પ્રાણીઓના સંરક્ષણ માટે કામ કરે છે.

એલિસન ટકે વિજેતા બન્યા બાદ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, “વન્યજીવોની વાર્તાઓને કેમેરામાં કેદ કરવી એ મારા માટે વિશેષ છે, અને તેમાં પણ જ્યારે તે હાસ્ય જન્માવે ત્યારે તે ડબલ આનંદ આપે છે!”

પેજ3

ભારતીય સાડીમાં જોવા મળી પોપ સિંગર રિહાના

મુંબઈ, તા. 29 : પોપ સિંગર રિહાનાએ પોતાના મુંબઈ પ્રવાસ બાદ ભારતીય સાડીમાં ફોટો શૂટ કરાવ્યું છે. રિહાનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તેણે ગ્રીન અને પિંક કલરની સાડી પહેરેલી છે. આ દેશી લુક સાથે તેણે ડાયમંડ અને એમરાલ્ડ (પન્ના)ની હેવી જ્વેલરી પણ પહેરી છે. વીડિયોમાં રિહાના સાડી પહેરીને ખુશીથી પોઝ આપતી જોવા મળી રહી છે. તેણે પોતાની જ્વેલરીને પણ વીડિયોમાં ખાસ રીતે ફ્લોન્ટ કરી છે. રિહાનાના આ લુક પર ફેન્સ સોશિયલ મીડિયા પર ખૂબ જ કોમેન્ટ્સ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, પારંપરિક સાડી અને જ્વેલરીમાં રિહાનાને જોવી એ એક સપના જેવું છે, તે ખરેખર ખૂબ જ સુંદર લાગી રહી છે.

કરિશ્મા કપૂરનો પાપારાઝીઓ પર આકરો પ્રહાર: “વધારે ઝૂમ ન કરતા”

મુંબઈ, તા. ૨૯ : અભિનેત્રી કરિશ્મા કપૂર ડાન્સ રિયાલિટી શો ‘ઇન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫’માં જજ તરીકે પરત ફરી છે, જે આ શોમાં જજ તરીકે તેનું બીજું વર્ષ છે. મંગળવારે, કરિશ્માએ તેના સાથી જજ ગીતા કપૂર, ટેરેન્સ લુઇસ અને જાવેદ જાફરી સાથે સેટની બહાર પાપારાઝી સામે પોઝ આપ્યા હતા. જોકે, ટૂંક સમયમાં જ તે ફોટોગ્રાફર્સ દ્વારા ખેંચવામાં આવી રહેલી અયોગ્ય તસવીરોથી સાવધ થઈ ગઈ હતી અને જ્યારે તે પીઠ ફેરવીને ચાલવા લાગી, ત્યારે તેણે તેઓને વધારે ઝૂમ ન કરવા માટે ચેતવણી આપી હતી. તેની આ પ્રતિક્રિયા ઝડપથી વાયરલ થઈ હતી અને કરિશ્માને નેટિઝન્સનો પણ ટેકો મળ્યો હતો. પાપારાઝીઓને આ પ્રકારના વર્તન બદલ ચેતવણી આપવામાં આવી હોય તેવું આ પહેલીવાર નથી. ભૂતકાળમાં પણ અનેક અભિનેત્રીઓએ પોતાની અયોગ્ય તસવીરો ખેંચવા બદલ અગવડતા વ્યક્ત કરી છે.

આમિર ખાનનો લેટેસ્ટ અંદાજ: ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટનો હાથ પકડીને ફિલ્મ પ્રીમિયરમાં આપી હાજરી

મુંબઈ, તા. 29: ‘એક દિન’ના પ્રીમિયર વખતે આમિર ખાને સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જ્યારે તે પોતાની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટનો હાથ પકડીને ત્યાં પહોંચ્યો હતો. આમિર ખાન અને ગૌરી સ્પ્રેટના આ પ્રેમાળ જાહેર દેખાવે લોકોમાં ચર્ચા જગાવી હતી. આ કપલ પરિવારના સભ્યો સાથે ખૂબ જ ઉષ્માભર્યું વર્તન કરતું જોવા મળ્યું હતું, જેણે સાંજને લાગણીસભર અને આત્મીય બનાવી દીધી હતી. આમિર ખાન અને ગૌરી સ્પ્રેટે એકસાથે પ્રેમભર્યા અંદાજમાં ફિલ્મ પ્રીમિયર માણ્યું હતું.

બેંગલુરુમાં કુદરતનો કહેર: કરા સાથેના વરસાદે મચાવી તબાહી

વરસાદને કારણે બૌરિંગ હોસ્પિટલની દીવાલ ધરાશાયી થતાં સાતનાં મોત

બેંગલુરુમાં ટ્રાફિક ઠપ્પ; કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટના રૂટ પ્રભાવિત

બેંગલુરુ: તા. 29: બેંગલુરુમાં બુધવારે સાંજે જોરદાર વરસાદ સાથે કરા પડ્યા હતા, જેના કારણે શહેરના રસ્તાઓ પર સફેદ બરફના કરા પથરાઈ ગયા હતા. ભીષણ ઉનાળાની ગરમી વચ્ચે આ વરસાદથી પ્રી-મોન્સૂન ઝાપટાં પડતાં રાહત મળી છે. સાંજે 5.30 વાગ્યા સુધીમાં બેંગલુરુ સિટી ઓબ્ઝર્વેટરીમાં 80 મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે એચએએલ એરપોર્ટ ઓબ્ઝર્વેટરીમાં 30 મીમી વરસાદ નોંધાયો હતો. બેંગલુરુ શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને 18 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે સામાન્ય 22.5 ડિગ્રી સેલ્સિયસ કરતાં ઘણું ઓછું હતું.

બેંગલુરુમાં બુધવારે ભારે વરસાદ, જળબંબાકાર અને મેટ્રો સેવાઓમાં વિક્ષેપને કારણે વ્યાપક ટ્રાફિક જામ જોવા મળ્યો હતો, જેનાથી કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફના રસ્તાઓ સહિતના મુખ્ય માર્ગો પર અવરજવરને ગંભીર અસર થઈ હતી.

નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે મુખ્ય જંકશન અને ધમધમતા માર્ગો પર ભારે ભીડ જોવા મળી હતી, જેના પગલે સત્તાવાળાઓને કેટલાક રસ્તાઓ આંશિક અથવા સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી.

બેંગલુરુમાં બુધવારે થયેલા મુશળધાર વરસાદને કારણે શિવાજીનગરની બૌરિંગ એન્ડ લેડી કર્ઝન હોસ્પિટલમાં દીવાલ ધરાશાયી થતા એક બાળક સહિત ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયાં છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના સાંજે 5.30 વાગ્યે બની હતી. તપાસમાં બહાર આવ્યું છે કે મૃતકોમાં મોટા ભાગના શેરી વિક્રેતાઓ (ફેરિયાઓ) હતા. અધિકારીઓને શંકા છે કે જ્યારે મોર્ચ્યુરી (શબઘર) નજીકની દીવાલ અચાનક ધરાશાયી થઈ ત્યારે તેઓ ત્યાં આશરો લઈ રહ્યા હતા.

યુપીમાં વાવાઝોડાને લગતી ઘટનાઓમાં 7નાં મોત

સુલ્તાનપુર (યુપી), તા. 29 (PTI): અહીં અલગ-અલગ વિસ્તારોમાં બુધવારે વાવાઝોડાને લગતી ઘટનાઓમાં બે સગીરો અને એક વૃદ્ધ સહિત સાત લોકોનાં મોત થયાં છે અને 21 લોકો ઈજાગ્રસ્ત થયા છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટ ઇન્દ્રજીત સિંહે જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્તોની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સિંહે કહ્યું કે વાવાઝોડાને કારણે વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો અને લગભગ 50 ટ્રાન્સફોર્મર અને વીજળીના થાંભલાઓને નુકસાન થયું હતું. એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (ફાઇનાન્સ/રેવન્યુ) વિનય કુમાર સિંહે જણાવ્યું હતું કે, સદર તેહસીલમાંથી ત્રણ, બલદીરાઈ તેહસીલમાંથી ત્રણ અને કાદીપુર તેહસીલમાંથી એક વ્યક્તિના મોતના અહેવાલ છે. ઈજાગ્રસ્ત 21 લોકોની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.

દિલ્હી-UP સહિતના રાજ્યોમાં વરસાદ

ઉત્તર ભારતમાં ગરમીથી રાહત

ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત અનેક રાજ્યોમાં હળવો અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો

નવી દિલ્હી, તા. 29 (PTI) લાંબા સમયથી ચાલી રહેલી કાળઝાળ ગરમીમાંથી બુધવારે ઉત્તર ભારતના કેટલાક ભાગોને થોડી રાહત મળી હતી. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત અનેક રાજ્યોમાં હળવો અને ગાજવીજ સાથે વરસાદ પડતાં તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો, જ્યારે દિલ્હીમાં પણ હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. એમ આઈએમડીના ડેટા દર્શાવે છે. ગરમ હવામાન હોવા છતાં દિલ્હીમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સફદરજંગ ખાતે પારો 37 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યો હતો, જે સામાન્ય કરતાં વધુ રહેતાં તાપમાનમાંથી મળેલી એક આવકારદાયક રાહત હતી. હવામાન નિષ્ણાતોએ પરિસ્થિતિમાં આ અચાનક ફેરફાર માટે દિલ્હીના નજીકના વિસ્તારોમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને જવાબદાર ગણાવ્યું છે. રસપ્રદ વાત એ છે કે, દિલ્હીવાસીઓએ આ વર્ષે એપ્રિલમાં હવામાનની વિવિધ સ્થિતિઓનું મિશ્રણ જોયું છે, જેમાં વરસાદના ઝાપટા, ભીષણ ગરમીનો પ્રકોપ અને ક્યારેક શુદ્ધ હવાની ગુણવત્તાવાળા દિવસો જોવા મળ્યા છે, જે તેને એક દાયકાથી વધુ સમયનો સૌથી ભીનો એપ્રિલ, સૌથી ઓછો પ્રદૂષિત અને તાજેતરના વર્ષોમાં સૌથી ઠંડા એપ્રિલ મહિનામાંનો એક બનાવે છે.

ટ્રમ્પની ઈરાનને ચેતવણી: હવે વધુ નરમાશ નહીં

રાઈફલ સાથેની એઆઇ જનરેટેડ તસવીર પોસ્ટ કરી

અમેરિકા વિરુદ્ધ યુએન પહોંચ્યું ઈરાન

રાઈફલ સાથેનો એઆઈ જનરેટેડ ફોટો

તેહરાન/વોશિંગ્ટન ડીસી, તા. 29: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શેર કરીને ઈરાનને કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જલ્દી સમજદાર બનો, હવે વધુ સમય નરમાશ રાખવામાં આવશે નહીં. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર રાઈફલ સાથે એક ફોટો પોસ્ટ કર્યો. ફોટો પર લખ્યું હતું, “નો મોર મિસ્ટર નાઈસ ગાય” એટલે કે હવે વધુ સમય નરમાશ રાખવામાં આવશે નહીં.

હવે રોબોટ્સ ઉપાડશે તમારો સામાન!

જાપાન એરલાઈન્સ દ્વારા હ્યુમનોઇડ રોબોટ્સનું પરીક્ષણ

એરપોર્ટ પર સામાન ખોવાઈ જવાની કે બેગ તૂટી જવાની ચિંતા હવે ભૂતકાળ બની શકે છે. જાપાન એરલાઈન્સ (JAL)એ ટોક્યોના વ્યસ્ત હનેડા એરપોર્ટ પર સામાન લોડ કરવા અને ઉતારવા માટે અત્યાધુનિક હ્યુમનોઇડ રોબોટ્સ (માનવ જેવા દેખાતા રોબોટ્સ)નો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. મે મહિનાથી શરૂ થતા આ બે વર્ષના પરીક્ષણ દરમિયાન, ચીન નિર્મિત બે પ્રકારના રોબોટ્સ - Unitree G1 (130 સેમી) અને UBTech Walker E (172 સેમી) ને તાલીમ આપવામાં આવશે. આ રોબોટ્સ કાર્ગો કન્ટેનરમાં સામાન ભરવા, પ્લેનમાંથી સામાન ઉતારવા અને કન્વેયર બેલ્ટ પર કન્ટેનર મૂકવા જેવી શારીરિક મહેનતની કામગીરી કરશે. જાપાનની વધતી જતી પ્રવાસન ક્ષમતા અને સામે કામદારોની ઘટતી જતી સંખ્યા (લેબર શોર્ટેજ) ને પહોંચી વળવા માટે આ નિર્ણય લેવાયો છે.

UAE હવે હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરી ભારતને વધુ તેલ મોકલી શકશે

OPECમાંથી બહાર નીકળ્યા બાદ UAE તેલ ઉત્પાદન વધારશે; ફુજૈરાહ પાઈપલાઈન બનશે ભારતની લાઈફલાઈન

નવી દિલ્હી, તા. 29 : ભારતની ઉર્જા સુરક્ષા માટે એક અત્યંત સકારાત્મક વળાંકમાં, સંયુક્ત આરબ અમીરાત (UAE) હવે સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ‘OPEC’ સંગઠનમાંથી બહાર નીકળી ગયું છે. આ નિર્ણયને કારણે UAE હવે ઉત્પાદન મર્યાદાના બંધનોમાંથી મુક્ત થયું છે અને તે પોતાની પૂર્ણ ક્ષમતા (દૈનિક 50 લાખ બેરલ સુધી) મુજબ તેલ ઉત્પાદન વધારી શકશે.

રિસર્ચ માટે કુલ 50 કરોડની જંગી ગ્રાન્ટ મળી!

વિશ્વના ટોચના 2% વૈજ્ઞાનિકોમાં પારૂલ યુનિ.ના 7 ફેકલ્ટીઝને સ્થાન

પીએચડી અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે વિશેષ R & D સેન્ટર

વડોદરા, એપ્રિલ, 2026: NAAC A++ માન્યતા ધરાવતી પારૂલ યુનિવર્સિટી રિસર્ચ અને ઈનોવેશનના એક મહત્વપૂર્ણ સેન્ટર તરીકે પોતાની ઉપસ્થિતિને સતત મજબૂત કરી રહી છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સ વચ્ચે ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ, પેટન્ટ્સ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્કની મહત્વતાને પ્રોત્સાહન આપતાં યુનિ.એ તેના અદ્યતન કેમ્પસમાં એક મજબૂત ઈકોસિસ્ટમ વિકસિત કરી છે, જેનાથી રિસર્ચને એક પ્રભાવી ઈનોવેશનમાં તબદીલ કરવામાં મદદ મળી રહે.

QS I-GAUGE ઈન્ડિયન યુનિવર્સિટી રેટિંગ્સમાં ડાયમંડ રેટિંગ ધરાવતી યુનિ.ના 11 ફેકલ્ટી મેમ્બર્સના પ્રતિનિધિમંડળે લંડન મેટ્રોપોલિટન યુનિવર્સિટી દ્વારા આયોજિત FICTA 2025માં તેમના રિસર્ચ રજૂ કર્યાં છે, જે આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને નોલેજ એક્સચેન્જ માટેના યુનિ.ના કેન્દ્રીત પ્રયાસો દર્શાવે છે. ગુજરાત સરકાર પાસેથી સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રતિષ્ઠિત દરજ્જો ધરાવતી પારૂલ યુનિ.ને ઈલેક્ટ્રોલિસિસ અને રિન્યૂએબલ એનર્જીના એકીકરણથી ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન પ્રોજેક્ટ માટે અને યુકેની રોયલ એકેડમી ઓફ એન્જિનિયરીંગ તરફથી 65,000 પાઉન્ડની જંગી ગ્રાન્ટ મેળવી છે. તાજેતરમાં ભારત સરકારના બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીઆઈઆરએસી) દ્વારા સોશિયલ ઈનોવેશન માટે સ્પર્શ સેન્ટરની સ્થાપના માટે યુનિ.ને રૂ. 4.02 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. આ પ્રકારની ગ્રાન્ટ મેળવનાર આઈઆઈટી જેવી દેશની ટોચની 15 સંસ્થાઓમાં પારૂલ યુનિ. પણ સામેલ થઈ છે.

સરકારી અને ખાનગી કંપનીઓએ કેટલી ગ્રાન્ટ આપી

ઇન્સ્ટિટ્યૂટ/કંપની	ગ્રાન્ટની રકમ (રૂ.માં)
બાયોટેકનોલોજી ઇન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ભારત સરકાર	રૂ. 4.02 કરોડ
ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ	રૂ. 3.25 કરોડ
રોયલ એકેડમી ઓફ એન્જિનિયરીંગ	રૂ. 1.78 કરોડ
સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ	રૂ. 1.45 કરોડ
ઈન્ડસ્ટ્રીઝ કમીશનર, ગુજરાત સરકાર	રૂ. 1.17 કરોડ
ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશન	રૂ. 93.93 લાખ
જીએસબીટીએમ - GSBTM	રૂ. 54.39 લાખ
ક્લાઈમેટ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર	રૂ. 54.12 લાખ
ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર	રૂ. 40.42 લાખ
સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સીઝ	રૂ. 28.45 લાખ
ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)	રૂ. 22.52 લાખ
મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલફેર	રૂ. 18.32 લાખ
ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભારત સરકાર	રૂ. 13.08 લાખ
એઆઈસીટીઈ - AICTE	રૂ. 12.83 લાખ
આઈ-હબ - iHUB	રૂ. 7.2 લાખ

31 પેટન્ટને મંજૂરી અને 104 કોપીરાઇટ્સ રજીસ્ટર

ઇનોવેશન પ્રત્યે યુનિ.ની કટીબદ્ધતા તેની પ્રભાવી ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી માટેની સિદ્ધિમાં જોવા મળે છે. અત્યાર સુધીમાં 31 પેટન્ટ્સને મંજૂરી મળી છે તેમજ 495થી વધુ પેટન્ટ એપ્લીકેશન ફાઈલ કરાઈ છે, જે રિસર્ચ સંચાલિત ઇનોવેશન માટેના યુનિ.ના પ્રયાસોને દર્શાવે છે. આ ઉપરાંત યુનિ.એ 100થી વધુ કોપીરાઇટ્સ રજીસ્ટર કર્યા છે તેમજ 175થી વધુ કોપીરાઇટ્સ સબમીટ કરાઇ છે. યુનિ.ની 37 ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનને મંજૂરી મળી છે તથા 45 ડિઝાઈન સબમીટ થઈ છે, જે ઇનોવેશનમાં વૈવિધ્યતા સૂચવે છે. ટ્રેડમાર્ક્સના ફાઇલિંગ અને સફળ ટેક્નોલોજી ટ્રાન્સફર રિસર્ચને રિયલ-વર્લ્ડ એપ્લીકેશનમાં તબદીલ કરવાના પ્રયાસોનો ઉત્તમ પુરાવો છે.

ઉલ્લેખનીય છે કે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઉપર યુનિ.ના કેન્દ્રિત પ્રયાસોને લક્ષ્યમાં રાખતાં વિવિધ સરકારી સંસ્થાનો, બિન-સરકારી સંસ્થાઓ, આંત્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેન્ટર અને કન્સલ્ટન્સી તરફથી કુલ રૂ. 49.29 કરોડની ગ્રાન્ટ મળી છે. મહત્વપૂર્ણ છે કે આ ગ્રાન્ટમાં સ્ટાર્ટ-અપ્સનો હિસ્સો રૂ. 8.6 કરોડ થવા પામે છે, જે સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવાના તથા તેમના ઈન્ક્યુબેશન માટેના યુનિ.ના પ્રયાસો દર્શાવે છે. તે ઉપરાંત બિન-સરકારી સંસ્થાનોમાં ડાબર જેવાં પ્રતિષ્ઠિત સંસ્થાનો પણ સામેલ છે કે જેણે આરએન્ડડી માટે નોંધપાત્ર ગ્રાન્ટ ફાળવી છે.

લંડનમાં યહૂદી સમુદાય પર જીવલેણ હુમલો

લંડન, તા. 29 (PTI): ઉત્તર-પશ્ચિમ લંડનમાં બુધવારે એક સિનાગોગ (યહૂદી પ્રાર્થના સ્થળ) પાસે 45 વર્ષીય વ્યક્તિ દ્વારા બે યહૂદી પુરુષો પર ચાકૂથી હુમલો કરવામાં આવ્યો હતો, જેને પોલીસે આતંકવાદી ઘટના તરીકે જાહેર કરી છે. હત્યાના પ્રયાસની શંકાના આધારે ધરપકડ કરાયેલ વ્યક્તિ હાલ કસ્ટડીમાં છે, જ્યારે મેટ્રોપોલિટન પોલીસનું આતંકવાદ-વિરોધી યુનિટ તપાસ કરી રહ્યું છે કે શું તે જાણીજોઈને યહૂદી સમુદાયને નિશાન બનાવી રહ્યો હતો. ચાકૂના હુમલાની તપાસ કરી રહેલી યુકે આતંકવાદ-વિરોધી પોલીસે જણાવ્યું હતું કે, આ હુમલાને ‘આતંકવાદી ઘટના’ તરીકે જોવામાં આવી રહ્યો છે.

ઈરાનનું ચલણ ‘રિયાલ’ પાતાળમાં

તેહરાન, તા. ૨૯ (AP): અમેરિકા અને ઈઝરાયેલ સાથેનો અસ્થિર યુદ્ધવિરામ હજી પણ અમલમાં છે ત્યારે બુધવારે ઈરાનનું રાષ્ટ્રીય ચલણ ‘રિયાલ’ યુએસ ડોલર સામે ૧.૮ મિલિયન (૧૮ લાખ)ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું હતું. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધ દરમિયાન રિયાલ અઠવાડિયા સુધી સ્થિર રહ્યો હતો, જેનું આંશિક કારણ દેશમાં ખૂબ ઓછો વેપાર અથવા આયાત લગભગ ઠપ થઈ ગઈ તે હતું. બે દિવસ પહેલા રિયાલનું મૂલ્ય ઘટવાનું શરૂ થયું હતું અને બુધવારે તે રેકોર્ડબ્રેક નીચી સપાટીએ પહોંચી ગયું હતું. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે, રિયાલના ઘટાડાથી દેશમાં મોંઘવારી વધુ વધવાની શક્યતા છે, જ્યાં ખોરાક અને દવાઓથી લઈને ઈલેક્ટ્રોનિક્સ અને કાચા માલ જેવી ઘણી આયાતી વસ્તુઓ ડોલરના ભાવથી પ્રભાવિત થાય છે.

સુરત મહાનગરપાલિકા
વોટર રીસોર્સીસ એન્ડ રીક્રીએશન સેલ
(ડુમસ સી ફેસ ડેવ. પ્રોજેક્ટ)
FIT INDIA

જાહેરનામું

આથી હું, નાગરાજન એમ. (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ ‘‘ગુજરાત સ્થાપના દિન’’ ની ઉજવણી નિમીતે સુરત શહેર વિસ્તારમાં રાજ્યકક્ષાની ઉજવણીનું આયોજન થનાર છે. જે અન્વયે ડુમસ સી ફેસ પ્રોજેક્ટ પર તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ સાંજના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થનાર હોય, સદર રાજ્યકક્ષાના કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે યોગ્ય તે વ્યવસ્થા અર્થે તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ ડુમસ સી ફેસ પ્રોજેક્ટ ખાતે સહેલાણીઓનો પ્રવેશ સંપૂર્ણપણે દિન-૦૧ માટે બંધ કરવામાં આવનાર છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નં. પી.આર.ઓ./૦૮/૨૦૨૬-૨૭ કમિશ્નર
તારીખ: ૨૯/૦૪/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭. ફોન : ૨૬૨૨–૨૬૪૨૪૭, Email :balesh@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રી રાહુલ રમેશ માલી (દેવાદાર અને ગીરવેદાર)**
૨. શ્રીમતી સરલાબેન રમેશ માલી (સહ દેવાદાર અને ગીરવેદાર)
એ) પ્લોટ નં.૯૪ લક્ષ્મીનારાયણ–૨, સાંઈ પોઈન્ટ નજીક, ડીંડોલી, સુરત–૩૯૪૨૧૦
બી) પ્લોટ નં. ૪૭૬, દસ્તાન રેસીડેન્સી, દસ્તાન, પલસાણા, સુરત–૩૯૪૨૧૦

મહેરબાનશ્રી,
વિષય : અમારી બલેશ્વર શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

૧. અમારા **તા.૦૩.૦૭.૨૦૨૧** ના રોજના પત્ર ક્રમાંક : Retail-00000887349-LMS માં જણાવ્યા તમારુ એડવાન્સ એકાઉન્ટ મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	હાલ નો વ્યાજનો દર	૧૫.૦૪.૨૦૨૬ ના રોજ કુલ બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા ટર્મ લોન ખાત નં. ૧૭૫૫૦૬ ૦૦૦૦૧૫૧૨	રૂા. ૧૦,૬૧,૦૭૭	૮.૨૫%+ ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા.૬૬૫૦૯૬.૦૦/– (મુળ) + રૂા. ૧૩૫૭.૪૨ (લાગુ ન કરેલ વ્યાજ + + ૧૬૭૮૧.૫૯ અનસર્વિસ્ડ વ્યાજ+ ૫૪.૦૦ સાદુ વ્યાજ = ૬,૮૩,૨૮૯.૦૧ + પેનલ + વ્યાજ અને તેના પરના અન્ય ચાર્જીસ	ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં. ૪૭૬, દસ્તાન રેસીડન્સી દસ્તાન પલસાણા સુરત ખાતે આવેલ છે. જેનુ રજીસ્ટ્રેશન ઈનસ્ટ્રુમેન્ટ ઓફ ટાઈટલ ડીડ તા.૧૮.૦૮.૨૦૨૧ ના રજી. નં. ૮૫૭૩ સબ રજીસ્ટ્રાર – પલસાણા ડી સુરત ખાતે થયેલ છે.
કુલ :	રૂા. ૧૦,૬૧,૦૭૭	–	રૂા.૬૮૩૨૮૯.૦૧/– + વ્યાજ અને અન્ય ચાર્જીસ	

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે દસ્તાન રેસીડન્સી નો પ્લોટ નં. ૪૭૬ (૭/૧૨ રેકોર્ડ મુજબ બ્લોક નં. ૨૬/૪૭૬) માપ ૪૦.૧૮ ચો.મીટર રોડ અને સીઓપીની જમીન ૧૩.૨૫ ચો.મીટર ના વણવહેચાયેલ હિસ્સા સહિત (૧)રેવન્યુ સર્વે નં. ૨૦, બ્લોક નં. ૨૬ માપ ૩૨૦૭૨ ચો.મીટર (૨) રેવન્યુ સર્વે નં. ૫૯, બ્લોક નં.૬૭ માપ –૫૧૯૦૧ ચો.મીટર અને (૩) રેવન્યુ સર્વે નં. ૬૬, બ્લોક નં. ૨૦૦ માપ ૧૫૩૭૮ ચો.મીટર કુલ માપ–૯૯૩૫૧ ચો.મીટર ની જમીન ઉપર બનેલ એજે મોજે ગામ દસ્તાન, તાલુકા–પલસાણા,જીલ્લા–સુરત ખાતે આવેલ છે.**ચતુર્દીશા– પુર્વ** : સીઓપી, **પશ્ચિમ:** રોડ, **ઉત્તર** : પ્લોટ નં. ૪૭૭, **દક્ષિણ:** પ્લોટ નં. ૪૭૫

૨. તા.૦૩.૦૭.૨૦૨૧ દસ્તાવેજોના આધારે તમે બેંક પ્રત્યેની **રૂા.૧૦,૬૧,૦૭૭/–** બેંક ની ગાઈડલાઈન મુજબના અન્ય ખર્ચાની જવાબદારી સ્વીકારી છે.

૩. તમે જાણો છો કે તમે **જૂન–૨૦૨૬** માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં ઉપરોક્ત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૦૪.૦૧.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે.

૪. તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ **તા.૦૪.૦૪.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ખર્ચ, ચાર્જીસ વગેરે ચુકવ્યા નથી.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૬,૮૩,૨૮૯.૦૧/– (અંકે રૂપિયા છ લાખ ત્યાસી હજાર બસો નેવ્યાસી અને એક પૈસા પુરા)** વત્તા વધારા નુ વ્યાજ અને અન્ય ચાર્જીસ ની જવાબદારી આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે, જેની નોંધ લેશો.

૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.

૭. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૮. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.**

૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૧૫.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત **અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા, બલેશ્વર શાખા.**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭. ફોન : ૨૬૨૨–૨૬૪૨૪૭ email :balesh@bankofbaroda.com

સેક્શન ૧૩(૪)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૧) હેઠળ કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **૧૯.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી ધીરજ સુરેશભાઈ રાવત (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રીમતી ભાવના ધિરજ રાવત (સહદેવાદારઅને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૮,૩૨,૭૬૮.૮૪/– (રૂપિયા આઠ લાખ બત્રીસ હજાર સતસો અડસઠ અને ચોર્યાસી પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર /જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૮ એપ્રીલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબ્જો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૮,૩૨,૭૬૮.૮૪/–** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ક્રિષ્ના રેસીડન્સી નામે જાણીતી હાઉસીંગ એસ્ટેટનો સી–ટાઈપ નો પ્લોટ નં. ૧૦૮ જમીનનુ આશરે માપ ૪૦.૧૯ ચો.મી વણવહેચાયેલ હિસ્સા સી.ઓ.પી અને કોમન રોડ નું આશરે માપ ૨૫.૬૬ ચો.મી જમીન નો બ્લોક નં. ૩૨૭ અને ૩૨૯ (આર.એન નં. ૩૦૬/૨, ૩૦૯/૨, ૩૧૪/૨ ૩૧૫ પૈકી ૩૧૬,૩૦૯/૧ એ,૩૧૨/૨, ૩૧૫ પૈકી અને ૩૧૪/૧) મોજે ગામ ટુંડી સબ ડિસ્ટ્રીક અને તાલુકાઃ પલસાણા જિલ્લાઃ સુરત ખાતે આવેલ છે.**જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : ૬ મીટર પહોળો રોડ, **પશ્ચિમ તરફ** : ચર્તુદિશા અને પ્લોટ નં.૧૬૬, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ડી–૧૦૯, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. સી–૧૦૭ આવેલ છે.

તા. ૨૮.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, બલેશ્વર શાખા, સુરત**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઉન શાખા : પ્લેટીનીયમ પ્લાઝા કોમ્પલેક્ષ, સુરત–નવસારી રોડ, સુરત–૩૯૪૨૧૦, ગુજરાત, **ફોન નં.:** ૦૨૬૧ ૨૭૫૦૮૦૪, **મો.:** ૮૯૮૦૦૨૬૬૮૯
E-mail : un@bankofbaroda.co.in

પરિશિષ્ટ ૪ ના રૂલ ૮(૧)હેઠળ કબ્જા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૧૯.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને(તા.**૧૮.૦૨.૨૦૨૬** ના રોજ બે **અગ્રણી** ન્યૂઝ પેપર બિઝનેસ સ્ટાન્ડર્ડ અને ગુજરાતમિત્ર મા પ્રસીદ્ધ કરેલ હતી) દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **શ્રી શાહ અલાઉદીન મોહમ્મદ,શ્રીમતી તહેસીનબાનુ અલાઉદીન શાહ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૯,૭૨,૨૩૯.૦૦/– (અંકે રૂા.નવ લાખ બોત્તેર હજાર બસો ઓગણચાલીસ પુરા)** તા.**૧૦.૦૯.૨૦૨૫** ના રોજ ના અને વધારા ના વ્યાજ અને ખર્ચા ઓ સહિત આ નોટીસ ની તારીખ / પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર / જામીનદાર /ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ધારા ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૪ મી એપ્રિલ, ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૯,૭૨,૨૩૯.૦૦/– (અંકે રૂા.નવ લાખ બોત્તેર હજાર બસો ઓગણચાલીસ પુરા)** તા.૧૦.૦૯.૨૦૨૫ ના રોજ ના અને વધારા ના વ્યાજ અને ખર્ચા ઓ સહિત આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સબંધ ધરાવતો મુળદ કોમ્પલેક્ષ ના બીજા માળ નો ફ્લેટ નં. ૨૦૪ જેનુ માપ ૪૦.૫૦ ચો.મીટર જેનું બાંધકામ રે.સ.નં.૧૮૮/૨ + ૨૭૨+૬૬ એકત્રીકરણ પછી નવો બ્લોક નં. ૯૪/એ, માપ ૮૦૯૪.૦૦ ચો.મીટર જમીન ઉપર મોજે ઉન તા. સુરત સીટી, જીલ્લા સુરત, ખાતે થયેલ છે જે શ્રી શાહ અલાઉદીન મોહમદ ના નામે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : જાહેર રોડ, **પશ્ચિમ તરફ** : જાહેર રોડ, **ઉત્તર તરફ** : ફ્લેટ નં.૨૦૩, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં. ૨૦૪ આવેલ છે.

તારીખ : ૨૪.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઉન શાખા**